# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા : ૧૪/૫/૨૦૨૧

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા કોરોનાની વર્તમાન પરિસ્થિતિમાં આરોગ્યની જાળવણી માટે આયુર્વેદ અને યોગની કારગરતા વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરુવાર, તા. ૧૩ મે, ૨૦૨૧ના રોજ 'ભારતીય આયુર્વેદ અને યોગ દ્વારા રોગપ્રતિકારક શકિત વધારવી તેમજ આરોગ્યની જાળવણી' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સિનિયર આયુર્વેદ અને પંચકર્મ સ્પેશ્યાલિસ્ટ ડો. નિપેશ પટેલે કોરોનાની વર્તમાન પરિસ્થિતિમાં આરોગ્યની જાળવણી માટે આયુર્વેદ અને યોગની કારગરતા વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ડો. નિપેશ પટેલે જણાવ્યું હતું કે, આયુર્વેદ એ અથર્વવેદનો ઉપવેદ પણ હોવાથી તેને પાંચમો વેદ પણ કહેવાય છે. ઇશ્વરની કૃપાથી ઋષિ–મુનિઓએ આયુર્વેદની રચના કરી તથા અધ્યાત્મ, યોગ અને આયુર્વેદના ત્રિવેણી સંગમથી મનુષ્ય માત્રના પરમ કલ્યાણ અને મંગલની કામના કરવામાં આવી. આયુર્વેદનો મૂળભૂત ઉદેશ્ય સ્વસ્થ લોકોના સ્વાસ્થ્યની રક્ષા કરવાની તથા બિમાર લોકોને રોગમુકત કરવાની છે. આયુર્વેદ વાત, પિત્ત અને કફ એ ત્રિદોષ અને જઠરાગ્નિ (સામ–નિરામ) સિદ્ધાંત ઉપર પથ્ય – પરેજીને ધ્યાનમાં રાખીને કામ કરે છે. સ્વસ્થ રહેવા માટે વહેલી સવારે બ્રાહમમુહૂર્તમાં જાગી જવું જોઇએ. હજારો વર્ષોથી નાના – મોટા સૌને આરોગ્ય પ્રદાન કરવું એ આયુર્વેદની વિશેષતા છે.

લોકવાયકા છે કે આયુર્વેદની દવાઓ ધીમે ધીમે કામ કરે છે, પરંતુ જડમૂળથી બિમારીને સારી કરે છે. ગત વર્ષે કોવિડના ફર્સ્ટ વેવમાં આયુર્વેદ – યોગની આયુષ ચિકિત્સાએ લોકોને બચાવેલા હતા. આયુર્વેદના પથ્ય – પરેજીનો સિદ્ધાંત તો હવે મોડર્ન સાયન્સ પણ સ્વીકારતું થઇ ગયું છે. કોરોનામાં શરૂઆતથી જ આયુર્વેદિક /

હોમિયોપેથિક દવા લેનારને કયારેય મ્યુકરમાઇકોસિસ બિમારી થતી નથી (જે સ્ટીરોઇડની ભયંકર સાઇડ ઇફેકટ છે). કોરોનાની વર્તમાન પરિસ્થિતિમાં એન– ૯૫ માસ્ક, વરાળ/સ્ટીમ, અનુલોમ–વિલોમ–પ્રાણાયમ અને સુર્ય નમસ્કાર સારું એવું સુરક્ષા કવચ પૂરું પાડે છે.

ડો. નિપેશ પટેલ વધુમાં કહે છે કે, ભારતીય આયુર્વેદ અને યોગ ચિકિત્સાને કાયમ માટે સંપૂર્ણપણે અપનાવવામાં આવે તો સમાજમાંથી મહદ્‌અંશે બિમારી ઓછી થઇ જશે. ખુશાલીભર્યા જીવનમાં રોગ અથવા બિમારીનું કોઇ સ્થાન રહેશે જ નહી. તેમણે કહયું કે લોકોની અજ્ઞાનતા, યોગ્ય શિક્ષણનો અભાવ, આળસ, બેદરકારી, પોષણયુકત આહારની કમી, આરોગ્ય પ્રત્યે સભાનતાની કમી અને ડોકટરની સલાહનું પાલન ન કરવાથી બિમારી થાય છે. શુદ્ધ હવા–પાણી–ખોરાક તેમજ શ્રેષ્ઠ આહાર–વિહાર–વિચારથી ઉત્તમ સ્વાસ્થ્ય લાભ થાય છે.

આયુર્વેદની મોટા ભાગની દવાઓ એ જંગલની જડીબુટ્ટીઓ અને ઔષધીય વનસ્પતિમાંથી બને છે. આ દવાઓ કુદરતી રીતે જ રોગપ્રતિકારક શકિતમાં વધારો કરે છે અને તેથી જ ભારતના લોકોએ મહામારી દરમ્યાન તેનો લાભ લઇને પોતાની ઇમ્યુન સિસ્ટમને વૈદિક પરંપરા થકી મજબુત રાખી છે. શ્વસનતંત્રની બિમારીનો ઉપચાર કરતી આયુર્વેદિક દવાઓનો કોરોનામાં વપરાશ વધ્યો છે અને અસરકારક પણ છે. કોઇપણ આડઅસર વગર ગુજરાત યુનિવર્સિટી, બનારસ હિંદુ યુનિવર્સિટી, એઇમ્સમાં પણ આયુર્વેદિક ઉપચારથી કોરોનાના દર્દીઓ સાજા થયેલાનો ડાટા છે. આયુર્વેદિક દવાઓ અનુભવી નિષ્ણાંત વૈદ્યના માર્ગદર્શન હેઠળ જ લેવાની તેમણે લોકોને સલાહ આપી હતી.

ચેમ્બરના ગૃપ ચેરમેન દીપકકુમાર શેઠવાલાએ વેબિનારનું સંચાલન કર્યું હતું. અંતે ચેમ્બરના ગૃપ ચેરમેન હિમાંશુ બોડાવાલાએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.